# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/256 Dt. 20/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા કેમિકલ એન્ડ ફાર્મા કોન્ક્લેવ યોજાયો

## ટેરિફની અસર કેમિકલની નિકાસ પર એટલી બધી પડી નથી

## નિકાસ વધારવા માટે કોન્સોર્ટિયમ રચવા હાકલ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા CHEMEXCIL-બેઝિક કેમિકલ્સ, કોસ્મેટિક્સ એન્ડ ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સહયોગથી તા. 16 ડિસેમ્બર 2025ના રોજ યુકેએમ હોલ, સરસાણા ખાતે કેમિકલ એન્ડ ફાર્મા કોન્ક્લેવ યોજાઈ ગયો જેમાં ઉદ્યોગ જગતના આગેવાનો, નિકાસકારો અને નિષ્ણાતો એકઠા થયા હતા અને વૈશ્વિક રસાયણ નિકાસ બજારમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવા માટે વૃદ્ધિની સંભાવનાઓ, પડકારો તેમજ વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે દેશના કુલ કેમિકલ ઉત્પાદનમાં દક્ષિણ ગુજરાતનું યોગદાન 33% અને દેશની કુલ કેમિકલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો 30% અને ફાર્મામાં ફોર્મ્યુલેશન કેપિટલ ગુજરાતનું યોગદાન 60% છે.

કેમેક્સિલ (CHEMEXCIL)ના વાઈસ ચેરમેન શ્રી અંકિત પટેલે ભારતીય ડાયસ્ટફ ઉદ્યોગ અને નિકાસની તકો વિશે બોલતા કહ્યું કે ચીન વિશ્વની ડાઈઝ અને પિગમેન્ટની 35% જરૂરિયાત સંતોષે છે, ત્યારબાદ 18% સાથે ભારતનો ક્રમ આવે છે. આ ઉદ્યોગમાં માઈક્રોથી લાર્જ સુધીની કંપનીઓ આવેલી છે. 95% જો કે એસએમઈ છે. ડાઈઝની સૌથી વધુ માગ ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં છે. ગુજરાત ડાઈઝ અને ઈન્ટરમીડિયેટ્સનું મેન્યુફેક્ચરિંગ હબ છે. બાંગ્લાદેશની અંધાંધૂંધી અને અમેરિકી ટેરિફ આપણી નિકાસમાં પડકાર છે. અમેરિકા મોટો વપરાશકાર નથી પણ ટ્રેડ હબ છે. આપણે ટેરિફને તકમાં ફેરવી શકીએ. આપણે જ્યાં ખરેખર ડાઈઝ વપરાશ થાય છે તે વૈશ્વિક બજારો પર ધ્યાન કેન્દ્રીત કરવાનું છે. વિયેટનામ, લેટિન અમેરિકા અને યુરોપમાં નિકાસ માટે આપણે સજ્જ થવું જોઈએ. આપણે સબસિડી પર અવલંબન ઘટાડી ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રીત કરવાનું છે, કોન્સોર્ટિયમ બનાવવાની જરૂર છે.

કેમેક્સિલના ડિરેક્ટર જનરલ શ્રી રઘુવીર કિનીએ કેમેક્સિલની કામગીરી અને રસાયણ નિકાસમાં તેની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે કાર્ટેલ કે કોન્સોર્ટિયમ બનાવવું એ આજની તાતી જરૂરિયાત છે. વાણિજ્ય મંત્રાલય હેઠળ સ્થપાયેલ સંસ્થા કેમેક્સિલના દેશભરમાં 3500 સભ્યો છે. ટેરિફ બાદ અમે અન્ય બજારોની ઓળખ પર કામ કરીએ છીએ, બાયર્સ-સેલર્સ મીટનું પણ આયોજન થશે. ટેરિફથી કેમિકલની નિકાસ બહુ ઘટી જશે એવી કાગારોળ મચી હતી પણ હકીકતમાં એવું બન્યું નથી.

એનઆરડીસીના ડીજીએમ અમિતાભ મિશ્રા વતી તેમના એક સહયોગી પ્રિયંકા અગ્રવાલ ઓનલાઇન ઝૂમ એપથી આ કોન્ક્લેવમાં જોડાયા હતા અને તેમણે ફાર્મા સેગમેન્ટ્સ માટે વ્યાપારીકરણ માટે સંશોધન-તૈયાર ઉત્પાદનો પર વાત કરી હતી.

સિમ્પ્લસ એક્ઝિમ અને કોર્પોરેટ એડવાઇઝરીના ડિરેક્ટર અને લીડ એડવાઇઝર શ્રી આનંદ મિરાણીએ રાસાયણિક નિકાસ વધારવા માટે ભારતના એફટીએનો લાભ કેવી રીતે લઈ શકાય તેના પર માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. એસજીસીસીઆઈના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ જૈને કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી હાજર રહ્યા હતા.